પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ની અમલવારી અને લાભાર્થીને સહાયનું હપ્તાવાર ચુકવણું કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:- આઈએવાય/ ૧૦૨૦૧૩/SFS - ૨૦/ખ.૨
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪/૧/૨૦૧૭

વંચાણેલીધા:

૧ ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા બહાર પાડેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગાઇડલાઇન્સ, નવેમ્બર - ૨૦૧૬

૨ કમિશ્નર ગ્રામ વિકાસ કચેરીની હપ્તા મંજૂરીની સિંગલ ફાઈલથી કરેલ દરખાસ્તને સક્ષમ કક્ષાએ મળેલ મંજૂરી.

ઠરાવ:

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો ૬૦ : ૪૦ નો હિસ્સો ધરાવતી વર્ષ ૨૦૧૬-૧૭ માં અમલમાં આવેલ નવી યોજના છે. આ યોજનાનો તા. ૨૦-૧૧-૨૦૧૬ ના રોજ વિધિવત્ પ્રારંભ થયેલ છે. આ યોજનાનો હેતુ રાજ્યના ગ્રામ્ય વિસ્તારની સામાજિક- આર્થિક અને જાતિ આધારિત વસ્તી ગણતરી, ૨૦૧૧ મુજબ પાત્રતા ધરાવતા તેમજ કાચું આવાસ ધરાવતા અને ઘરવિહોણા લાભાર્થીઓને આવાસ બાંધવા માટે સહાય આપવાનો છે.ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયની વંચાણે લીધા ક્રમાંક-૧ ની ગાઈડલાઈન મુજબ યોજના હેઠળ લાભાર્થીને આવાસ દીઠ રૂ. ૧,૨૦,૦૦૦/- ની સહાય તબકકાવાર મળવા પાત્ર છે.

લાભાર્થીને મળવાપાત્ર સહાય રૂ. ૧,૨૦,૦૦૦/-માં કેન્દ્રના હિસ્સાના રૂ. ૭૨,૦૦૦/- અને રાજ્ય હિસ્સાના રૂ. ૪૮,૦૦૦/-નો સમાવેશ થાય છે.

ગાઈડલાઈનની જોગવાઈ મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીને હપ્તાવાર રકમનું ફંડ ટ્રાન્સફર ઓર્ડરથી સીધું ચુકવણું તેના ખાતામાં કરવાનું રહે છે તેમજ આવાસસોફ્ટમાં લાભાર્થીનું રજીસ્ટ્રેશન કરવું આવશ્યક છે. યોજના હેઠળ લાભાર્થીએ શૌચાલય અને રસોડું બનાવવું જરુરી છે.શૌચાલય બનાવવા માટે લાભાર્થીને સ્વચ્છ ભારત મિશન હેઠળ રૂ. ૧૨,૦૦૦/-ની સહાય મળવાપાત્ર છે જેમાં કેન્દ્ર સરકારનો ફાળો ૬૦ % લેખે રૂ. ૭૨૦૦/- અને રાજ્ય સરકારનો ફાળો ૪૦ % લેખે રૂ.૪૮૦૦/-ની રહે છે.મનરેગા યોજનાના કન્વર્જન્સ હેઠળ લાભાર્થીને આવાસ બાંધકામ માટે ૯૦ દિવસની રોજગારીની રૂ. ૧૬૯૨૦/-ની મહત્તમ સહાય મળવાપાત્ર થાય છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રા.)ની અમલવારી બાબતે નીચેના મુદ્દાઓ ધ્યાને લઈ કાર્યવાહી કરવાની રહેશે :

૧. આવાસનું બાંધકામ લાભાર્થીએ જાતે કરવાનું રહેશે.ખાતાકીય રાહે કે ઇજારદાર દ્વારા કરાવવાનું નથી.

૨. પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ)ના મકાનની ફાળવણી મહિલાઓના નામે કરવાને અગ્રતા આપવાની રહેશે. વિકલ્પે પતિ અને પત્નીના સંયુક્ત નામે ફાળવણી કરવાની રહેશે.

૩. આયોજનામાં પસંદગીનો ક્રમ નીચે મુજબ રહેશે:

પુનઃસ્થાપન કરેલા બંધક (વેઠિયા) મજૂરોના કુટુંબોને પ્રથમ અગ્રતા આપવાની રહેશે. ત્યારબાદ નીચે મુજબ અગ્રતા આપવાની રહેશે.

(૧) વિધવા,છૂટાછેડા અપાયેલ અથવા તરછોડાયેલ સ્ત્રીઓ, અત્યાચારનો ભોગ બનેલી સ્ત્રીઓ અને જે કુટુંબના વડા સ્ત્રી હોય તેવી કપરા સંજોગોમાં મૂકાયેલી સ્ત્રીઓ.

(૨) માનસિક રીતે વિકલાંગ વ્યક્તિઓ (ઓછામાં ઓછી ૪૦% વિકલાંગતા ધરાવતી)

(૩) શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓ (ઓછામાં ઓછા ૪૦% અશક્તતા ધરાવતી)

(૪) કિન્નર - વ્યંઢળ

(૫) યુધ્ધમાં માર્યા ગયેલા સંરક્ષણ/અર્ધ- લશ્કરી/ પોલીસ દળના સભ્યોના વિધવા અને તદ્દન નજીકના સગા (તે ગરીબી રેખા નીચે ન હોય તો પણ)

(૬) અન્ય મકાન વિહોણાં એસ.ઈ.સી.સી. - ૨૦૧૧ મુજબના કુટુંબો

૪. સામાજીક-આર્થિક અને જાતિ - આધારિત વસ્તી ગણતરી,૨૦૧૧ ના પરિણામોના આધારે ઘરવિહોણા તેમજ કાચા આવાસ ધરાવતા લાભાર્થીઓની કાયમી પ્રતીક્ષા યાદી બનાવવાની રહેશે. આ યાદીની ગ્રામ સભામાં બહાલી મેળવી લેવાની રહેશે.ગ્રામ સભામાં થયેલ ઠરાવ આવાસ સોફ્ટમાં અપલોડ કરી પ્રતીક્ષા યાદી મુજબના લાભાર્થીઓના રજીસ્ટ્રેશન અને વહીવટી મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ત્યાર બાદ લાભાર્થીને પ્રથમ હપ્તાનું ચુકવણું કરી શકાશે.

૫. લાભાર્થીને વહીવટી મંજૂરીના હુકમો મળ્યા તારીખથી એક વર્ષના સમયગાળામાં મકાનનું બાંધકામ પૂર્ણ કરવાનું રહેશે.મકાનના બાંધકામનું ક્ષેત્રફળ ઓછામાં ઓછું ૨૫(પચ્ચીસ) ચો.મી. રાખવાનું રહેશે.

૬. લાભાર્થીને હપ્તાવાર રકમનું ચુકવણું ફંડ ટ્રાન્સફર ઓર્ડરથી તેમના ખાતામાં સીધું જ કરવાનું રહેશે.

૭. લાભાર્થી પોતાની માલિકીની ખાનગી જમીન / પ્લોટ/ સરકાર દ્વારા ફાળવેલ મફત પ્લોટ અથવા રાહત દરે અપાયેલ પ્લોટમાં આવાસનું બાંધકામ કરી શકશે.

૮. આવાસ બાંધકામ માટે લાભાર્થી પોતાની પસંદગી મુજબ નિયત કરેલ ટાઈપ ડિઝાઈનમાંથી પસંદ કરેલ ટાઇપોલોજી ડિઝાઇન અનુસાર ઘર બનાવી શકાશે. આ માટે ૪૧ પ્રકારની ટાઈપોલોજી ડિઝાઈન ટેકનિકલ કમિટી દ્વારા માન્ય કરેલ છે જે જુદા જુદા વિસ્તારની સ્થાનિક આબોહવા,ભૌગોલિક પરિસ્થિતિની તેમજ સ્થાનિક લોકોની રુચિ,રહેણીકરણી, સામાજિક પ્રથા વગેરેને ધ્યાને લઇ બનાવવામાં આવેલ છે. લાભાર્થીના રહેણાંક વિસ્તારને અનુરુપ ટાઇપોલોજી પસંદ કરીને મકાન બનાવવું લાભાર્થીના હિતમાં છે.

૯. આવાસમાં શૌચાલયની સુવિધા ફરજિયાત રાખવાની રહે છે. સ્વચ્છ ભારત મિશન/ મનરેગા યોજનાના કન્વર્જન્સ હેઠળ આ શૌચાલયનું બાંધકામ કરવાનું રહેશે.

૯-એ .શૌચાલય બનાવવા માટે સ્વચ્છ ભારત મિશન/ મનરેગા યોજના હેઠળ કંવર્જંસનો લાભ મેળવવા લાભાર્થીએ નિયત ફોર્મમાં અરજી કરવાની રહેશે અને તેની સહાય લાભાર્થીને શૌચાલય પૂર્ણ થયેથી મળવાપાત્ર થશે.

૯-બી. જે લાભાર્થીનું નામ બેઝલાઇન સર્વે -૨૦૧૨ માં ન હોય તે માટે નિયત કરાયેલ પધ્ધતિ અનુસરી સ્વચ્છ ભારત મિશનના એમ.આઇ.એસ. માં નામ ઉમેરી શૌચાલયનો લાભ આપવાનો રહેશે.

૧૦. આવાસમાં જુદી જુદી યોજનાઓના કન્વર્જન્સથી લાભાર્થી રોજગારી અને શૌચાલયના બાંધકામ ઉપરાંત સામૂહિક અને પ્રવાહી કચરાની માવજત, સ્વચ્છ અને કાર્યક્ષમ બળતણ,વીજળી,પીવાનું પાણી વગેરે પાયાની સગવડોની જોગવાઇ માટે સરકારની અન્ય યોજનાઓ સાથે કંવર્જંસ – એકીકરણ-થી મેળવી શકશે.

૧૧. શક્ય હોય ત્યાં સુધી આવાસો જુથમાં લઘુ વસાહતના અભિગમને ધ્યાને રાખીને બાંધવાના રહેશે જેથી જુથમાં બંધાયેલ મકાનોને સામૂહિક ધોરણે માળખાકીય સુવિધાઓ જેમ કે રસ્તા, પાણી, વીજળી વગેરે મેળવવામાં સુગમતા રહે.

૧૨. ભારત સરકારની ગાઈડલાઈન મુજબ રૂ.૭૦,૦૦૦/-ની લોન મળવાપાત્ર થશે. આ માટે જિલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએથી બેંકર્સ કમીટિની બેઠક નિયમિતપણે યોજી લાભાર્થીઓને લોન સહાય મળી રહે તે માટે કાર્યવાહી કરવાની રહેશે.

૧૩. સરકારશ્રીની મેશન તાલીમની ગાઈડલાઈન મુજબ દિન-૪૫ ની તાલીમ દરમ્યાન લાભાર્થી આવાસનું બાંધકામ કરી શકશે.મેશન તાલીમનો હેતુ આવાસ બાંધકામ માટે જરુરી તકનીકી સહાય પૂરી પાડવાનો તેમજ બાંધકામના તબક્કા મુજબ તાંત્રિક રીતે યોગ્ય બાંધકામ કરવાનો છે.

૧૪. જે લાભાર્થી વૃધ્ધ અને અશક્ત હોય તેનું મકાન મેશન તાલીમ હેઠળ લઈ પૂર્ણ કરી શકાશે.

૧૫. આવાસ બાંધકામ પૂર્ણ થયા બાદ તાલુકા કક્ષાના તાંત્રિક કર્મચારી દ્વારા કમ્પલીશન સર્ટીફીકેટ બાદ જ લાભાર્થીને છેલ્લો હપ્તો મળવાપાત્ર થશે.

૧૬. આવાસ સોફ્ટમાં લાભાર્થીના હાલના આવાસનો/પ્લોટનો ફોટોગ્રાફ,મકાનનું બાંધકામ તબક્કાવાર લિંટલ લેવલે અને રૂફ લેવલે હોય તેનો ફોટોગ્રાફ અને મકાન પૂર્ણ થયાનો ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહેશે.